SURAT www.sandesh.com

# સંદેશ

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભુજ અને મુંબઈથી પ્રસિદ્ધ થતું દૈનિક

twitter.com/sandeshnews facebook.com/sandeshnewspaper કિંમત ૩-૦૦

THURSDAY

13 11 2014

### ૨૦૦૫માં મનમોહનસિંઘે રૂ. ૩૫ કરોડના આયોજનની જાહેરાત કરી હતી

# દાંડી ખાતે સ્મારક માટે ૩ ટનની ૧૫ ફૂટ ઊંચી ગાંધીજીની પ્રતિમા લવાઈ

નવસારી, તા. ૧૨

મીઠા સત્યાગ્રહ માટે પહેલ કરનારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનું દાંડીમાં ભવ્ય સ્મારક બને તે માટે અગાઉની સરકાર દ્વારા વર્ષ ૨૦૦૫માં જાહેરાત કરવામાં આવી હતી. બાદમાં આ કામગીરી હાલની સરકારે ઉઠાવી છે અને તેને વેગ મળે તે માટે પ્રયત્નો પણ આદરી દેવાયા છે. સ્મારક માટે તૈયાર કરાયેલી ૧૫ ફૂટ ઊંચાઈ અને ૩ ટનનું વજન ધરાવતી ગાંધીજીની પ્રતિમાને આજે મહારાષ્ટ્રથી દાંડી પહોંચાડી દેવામાં આવી છે અને સ્મારક તૈયાર થતાં આ પ્રતિમાને તેમાં મૂકવામાં આવશે.

વહીવટી તંત્રના સૂત્રોના જણાવ્યા મુજબ દાંડી ખાતે રૂ. ૩૫ કરોડના અંદાજે સાકાર થનારા સ્મારક માટે મહાત્મા ગાંધીજીની પ્રતિમા તૈયાર કરાવાઈ છે. મહારાષ્ટ્રના ૮૮ વર્ષીય સદાશીવ શાઠે કે જે મૂળ ગાંધીવાદી છે, તેમણે પંચધાતુમાંથી આ મૂર્તિ સાકાર કરી છે. મૂર્તિનું



વજન ૩ ટન જેટલું છે અને તેની ઊંચાઈ ૧૫ ફૂટ છે. ખાસ કરીને દરિયાઈ હવામાનને ધ્યાનમાં રાખીને ગાંધીજીની આ પ્રતિમાને પંચધાતુમાંથી બનાવાઈ હોવાનું જણાવાયું છે. સદાશીવ સાઠેનો પુત્ર આ પ્રતિમાને ટ્રક દ્વારા મહારાષ્ટ્રથી આજે લઈને પહોંચ્યો હતો અને હાલમાં દાંડીના વિનય મંદિર ખાતે તેને મૂકવામાં આવી છે.

એ વાત નોંધનીય છે કે ૨૦૦૫માં તત્કાલિન વડાપ્રધાન ડો. મનમોહન સિંહ જ્યારે દાંડી આવ્યા હતાં ત્યારે તેમણે રૂ. ૩૫ કરોડના અંદાજે એક ભવ્ય સ્મારકની જાહેરાત કરી હતી. જો કે ત્યારબાદ આ સ્મારક માટે યોગ્ય પ્રયત્નો થયા ન હતાં. હવે આ સ્મારકને સાકાર કરવા માટે સરકાર દ્વારા ગતિવિધિઓ તેજ કરી દેવાઈ છે. સરકારી સૂત્રો મુજબ પ્રવાસન વિભાગ દ્વારા દાંડી દરિયા કિનારે ૧૫ એકર જગ્યા આ સ્મારક માટે ફાળવવામાં આવી છે અને તેનું નામ રાષ્ટ્રીય મીઠા સત્યાગ્રહ સ્મારક આપવામાં આવશે. આ સ્મારક ૩૫ મીટર ઊંચું પિરામીડ આકારનું બનાવવામાં આવશે અને તેની મધ્યમાં મહાત્મા ગાંધીજીની આ પ્રતિમાનું પ્રસ્થાપન કરવામાં આવશે જે જ્યોતિ પૂંજ જેવું હશે.